# પાટનગરમાં ઘુસીને શિક્ષકોએ સરકારને સોટી મારી

**હજ્જારો શિક્ષકો ગેટ નં-૬ પાસે પહોંચી ગયા, પોલીસનો એક્શન પ્લાન નિષ્ફળ નિવડ્યો, શિક્ષકોને શાંત રાખવા માટે શિક્ષક સંઘના પ્રમુખ અને મંત્રીનો પોલીસે સહારો લેવો પડ્યો, સરકાર દ્વારા હકારાત્મક વલણ દાખવતા બપોર પછી હડતાલ સમેટાઈ**







ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી પોતાના પડતર પ્રશ્નનો ઉકેલ નહીં આવતા વિવિધ સરકારી સંગઠનો અને વિવિધ સંસ્થાઓએ સરકાર સામે બાયો ચડાવી છે. ત્યારે શહેરમાં આજે સવારથી જ ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘના નેજા હેઠળ શિક્ષક ભાઈ બહેનો મોટી સંખ્યામાં આવી પહોંચ્યા હતા. શિક્ષકોના મુખ્યત્વે પ્રશ્નોમાં૧૯૯૭ થી સળંગ નોકરી ગણીને અન્ય કર્મચારીઓની જેમ શિક્ષકોને બઢતી આપવી,સિનિયોરીટી અને ઉચ્ચતર પગાર ધોરણ લાભ મળતો નથી, જુની પેન્શન યોજના લાગુ કરવી, શિક્ષકોને સોંપવામાં આવતી બિન શૈક્ષણિક કામગીરી બંધ કરવી, એચ ટાટ શિક્ષકોના આરઆરનક્કી કરવા તમામ પ્રકારની ઓનલાઈન કામગીરી બંધ કરવી,સાતમા પગાર પંચ મુજબ તમામ લાભો આપવા, સીસીસી સર્ટીફિકેટ મેળવ્યું ન હોય તેવા શિક્ષકોને ઉચ્ચતર પગાર ધોરણ મળતુ નથી તે આપવું, સહિતની માંગણીઓને લઈ આજે ગાંધીનગરમાં શિક્ષકોએ વિધાનસભા સામે ચ માર્ગ પર હલ્લાબોલ કર્યો હતો અને ત્યારબાદ સ્વર્ણીમ પાર્કમાં ડેરો નાંખ્યો હતો. શિક્ષકોના પ્રવાહ સામે એક તબક્કે પોલીસનો ફોર્સ પણ ઓછો પડ્યો હતો. એક તબક્કે શિક્ષકોને ડીટેઈન કરવા પોલીસની ગાડીઓ ખુટી પડી હતી, તો બીજીતરફ ડીટેઈન કરેલા શિક્ષકોને કરાઈ ખાતે લઈ જવાયા હતા. શિક્ષકોએ વિધાનસભા ઘેરાવની ચિમકી આપી હોવા છતા પોલીસ તંત્રએ રેલીને રોકવા માટે ઘડેલો

● અનુસંધાન પાન-૭ પર

## ગેટ નં ૧ પર ટ્રાફીક જામ

પાટનગરમાં શિક્ષકોની રેલી ચ માર્ગ ગેટ નં-૬ પાસે આવી જતા સચિવાલય સંકુલના તમામ ગેટ બંધ કરી દેવાયા હતા. જયારે માત્ર ગેટ નં.૧ જ ખુલ્લા રાખવામાં આવ્યો હતો. ત્યાંથી પણ માત્ર સરકારી ગાડીને જ પ્રવેશ આપવામાં આવતો હતો. જેને પગલે ગેટ પાસે પણ ગાડીઓનો ખડકલો સર્જાતા ટ્રાફિક સમસ્યા સર્જાઈ હતી. તો બીજી તરફ શિક્ષકો પાસ લઈને અંદર જતા ના રહે તે માટે પાસબારી પણ બંધ કરી દેવાઈ હતી.કોઈ પણ વ્યકિતને અંદર જવા માટે પાસ ઈસ્યુ કરવામાં આવ્યા ન હતા.

## પોલીસ દ્વારા બે હજારથી વધુની અટકાયત

રાજય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા વિધાનસભા ઘેરાવની ચિમકી



આપી હતી. જેને પગલે ગાંધીનગર જિલ્લા પોલીસ સહિત આસપાસના જિલ્લામાંથી પણ પોલીસ જવાનો આવ્યા હતા તે ઉપરાંત એસઆરપી અને મહિલા પોલીસ જવાનો ખડેપગે રેલીને લઈ તૈનાત હતા. ત્યારે પાટનગરના નાકા પોઈન્ટ, સર્કલો તેમજ એન્ટ્રી પોઈન્ટ પરથી અન્ય શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાંથી આવેલા તેમજ ચ માર્ગ વિરોધ પ્રદર્શન કરી રહેલા બે હજારથી વધુ શિક્ષકોની પોલીસ તંત્ર દ્વારા અટકાયત કરવામાં આવી હતી.

## ચ-માર્ગ બંધ કરાતા ભારે હાલાકી

શહેરમાં હજ્જારોની સંખ્યામાં કર્મચારીઓ ઉમટી પડતા રેલીને પગલે તંત્ર દ્વારા ચ-૩ થી ચ-૫ નો માર્ગ પોલીસ દ્વારા બંધ કરી દેવાયો હતો. જેને પગલે સચિવાયલ ખાતે ફરજ બજાવતા કર્મચારીઓ, વિદ્યાર્થી, મુસાફરો તેમજ અન્ય નગરજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. જયારે રેલીને પગલે શહેરનું જનજીવન પણ પ્રભાવિત બન્યું હતું.

### રાજય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ અને મંત્રીની અટકાયત કરાઈ

શિક્ષક સંઘ દ્વારા આપવામાં આવેલી વિધાનસભા ઘેરાવની ચિમકીને પગલે પાટનગરમાં રેલી ના યોજાય તે માટે શિક્ષક સંઘના પ્રમુખ અને મંત્રીની ગત રાત્રીના ચાણક્ય ભવન ખાતેથી અટકાયત કરી દેવાઈ હતી. પરંતુ શુક્રવારના રોજ સવારે રાજયભરમાંથી હજ્જારો શિક્ષકો આવી પહોંચતા અને તેમના આક્રોશને જોઈ તંત્રએ તેમને તાત્કાલીક છોડી મુકવા પડ્યા હતા.



## વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

### જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ૨૫૯ ઓરડાની ઘટ

ગાંધીનગર જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં કુલ ૨૫૯ ઓરડાની ઘટ છે. માણસાના ધારાસભ્ય દ્વારા રજુ થયેલા પ્રશ્ન સંદર્ભે શિક્ષણમંત્રીએ રજુ કરેલા લેખિત જવાબમાં જણાવ્યા મુજબ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં ૨૫૯ ઓરડાની ઘટ છે.જેમાં તાલુકાવાર દહેગામમાં ૬૯,ગાંધીનગરમાં ૮૭, કલોલમાં ૪૪ અને માણસામાં ૫૯ ઓરડાની ઘટ છે. ખુટતા ઓરડા કયાં સુધી બનાવાશે તેવા પેટા પ્રશ્નના જવાબમાં તેમણે જણાંવ્યુ હતુ કે આગામી વર્ષોમાં તબક્કાવાર ઓરડા બનાવી દેવાશે.

### સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી ગાંધીનગર જિલ્લાને છેલ્લા બે વર્ષમાં સર્વ શિક્ષા અભિયાન અન્વયે જિલ્લાને બે વર્ષમાં ૨૪ કરોડની ગ્રાન્ટ

બે વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ મળી તેવા પ્રશ્નના જવાબમાં શિક્ષણમંત્રીએ જણાંવ્યા મુજબ ગાંધીનગર જિલ્લાને વર્ષ ૨૦૧૭-૧૮ માં રૂ ૧૩૦૦ લાખ અને વર્ષ ૨૦૧૮-૧૯ માં ૧૧૦૨ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

### જિલ્લામાં મુખ્યસેવિકાની ૧૯ જગ્યા ખાલી

ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરે રજુ કરેલા પ્રશ્નના જવાબમાં પંચાયત મંત્રીએ આપેલા લેખિત ઉત્તરમાં જણાવાયા મુજબ ગાંધીનગર જિલ્લામાં મુખ્ય સેવિકાનુ મંજુર મહેકમ ૪૬ નુ છે. જયારે આ પૈકી ૨૭ જગ્યાઓ ભરાયેલી છે. અને ૧૯ જગ્યા ખાલી છે. વધુમાં ખાલી જગ્યા ભરવા માટે ૭ જગ્યા સીધી ભરતીથી ભરવા માટેની કાર્યવાહી પુર્ણતાના આરે છે.જયારે ૪ જગ્યા આંતર ફેરબદલીથી અને ૮ જગ્યા બઢતીથી ભરવા માટે પસંદગી સમિતિની બેઠક બોલાવી પસંદગી યાદી તૈયાર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### જિલ્લાની ૧૪૩ શાળાઓમાં રમતગમતના મેદાનો નથી

ગાંધીનગર જિલ્લાની ૧૪૩ સરકારી પ્રાથમિક શાળાઓ તેમજ ૯ ખાનગી શાળાઓમાં રમત ગમતના મેદાનો નથી. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય ડો સી જે ચાવડાના પ્રશ્નના જવાબમાં વધુમાં શિક્ષણમંત્રીએ જણાવ્યા મુજબ બે વર્ષ દરમિયાન માત્ર એક સરકારી પ્રાથમિક શાળામાં રમત ગમતનુ મેદાન બનાવાયુ છે. જયારે અન્ય શાળાઓમાં જમીન ઉપલબ્ધ થયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

# આગામી ૨૫ ફેબ્રુઆરીએ બોર્ડના પરીક્ષાર્થીઓને હોલ ટીકીટ અપાશે

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા ૭ માર્ચથી બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થશે. ધો -૧૦ અને ૧૨ ની આ બોર્ડ પરીક્ષાને અનુલક્ષી આગામી તા ૨૫ ફેબ્રુઆરીના રોજ પરીક્ષાર્થીઓને હોલ ટીકીટનુ વિતરણ કરવામાં આવશે. ગાંધીનગરમાં પણ સે-૭ સ્થિત જે એમ ચૌધરી કન્યા વિદ્યાલય ખાતેના વિતરણ કેન્દ્ર પરથી પરીક્ષાર્થીઓને હોલ ટીકીટ આપવામાં આવશે. કોઈકારણસર વિદ્યાર્થીઓને હોલ ટીકીટ ન મળી હોય તો આ મામલે તાત્કાલિક જિલ્લા શિક્ષણાધિકારીનુ ધ્યાન દોરવા માટે પણ શિક્ષણ બાર્ડના નાયબ નિયામકે જણાંવ્યુ છે.

# ગ્રામ્ય વિસ્તારમાંથી વધુ ૨ કેસ સ્વાઈન ફલુના મળ્યા

**ફુલ કેસ ૨૨ થયા : ૧૯ દર્દી સાજા થતાં તેમને હોસ્પિટલમાંથી રજા અપાઈ : તંત્ર**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી સ્વાઈન ફલુના વધુ બે કેસ મળતાં જિલ્લામાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા ૨૨ પર પહોંચી છે.

જિલ્લાતંત્ર દ્વારા સ્વાઈન ફલુના વધી રહેલા કેસોને પગલે લોકોને ભીડભાડવાળી જગ્યાઓની શકય હોય ત્યાં સુધી મુલાકાત ટાળવા અપીલ કરી છે.

જિલ્લામાં આજે જે વધુ બે કેસ મળી આવ્યા છે તેમાં કોબાની એક ૩૦ વર્ષીય મહિલાનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત આજોલના એક ૬૦ વર્ષીય વૃદ્ધને પણ આજે પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફલુ પોઝીટીવ જણાતાં તેમનો સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

બન્ને દર્દીની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. આ બન્ને દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારમાં સઘન સર્વેલન્સના આદેશઓ જારી કરવામાં આવ્યા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૯ દર્દી સંપૂર્ણ રોગમુક્ત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. હાલ માત્ર બે જ દર્દી સારવાર હેઠળ છે.

જિલ્લામાં સ્વાઈન ફલુમાં આ વખતે પણ મહિલા દર્દીઓની સંખ્યાને લઈ તંત્રમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. જોકે વૃદ્ધ દર્દીઓ પણ નોંધાયા છે. જિલ્લામાં વારંવાર બદલાતા હવામાનને કારણે પણ સ્વાઈન ફલુના કેસોની સંખ્યા વધી રહી હોવાનું મનાઈ રહ્યું છે.

### સે. ૫ની મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ

ગાંધીનગર શહેરમાંથી સ્વાઈન ફલુનો વધુ એક કેસ મળી આવ્યો છે. આ સાથે આ સિઝનમાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા ૧૯ પર પહોંચી છે. મળતી વિગતો પ્રમાણે સે. ૫ ની એક ૩૭ વર્ષીય મહિલાને આજે પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે. તેણીનીને સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યાં તેણીનીની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. ગાંધીનગર શહેરના જુદા જુદા સેક્ટરોમાંથી સ્વાઈન ફલુના કેસો મળી રહ્યો હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. તંત્ર દ્વારા સર્વેલન્સ યાં કોઈ નવો કેસ મળ્યો નહિ હોવાનું જાણવા મળેલ છે.

## બંને આંદોલનનો અંત લાવવા સરકારે ત્રણ મંત્રીઓની કમિટી બનાવી

ગાંધીનગર, તા.૨૨

પ્રાથમિક શિક્ષક સંઘ અને એસ ટી કર્મચારીઓની હડતાલ મામલે તેમના પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવા માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ૩ મંત્રીઓની કમિટીની રચના કરી છે.નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ, કૃષિ મંત્રી આર સી ફળદુ, શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાં ની કમિટી આ આંદોલનકારી કર્મચારીઓ સાથે વાતચીત અને વાટાઘાટો કરશે. એસ ટી ના કર્મચારીઓના આંદોલનના લીધે આમ નાગરિકોને ભારે હાલાકી વેઠવી પડી રહી છે. જયારે આ સમસ્યાને નિવારવા માટે ઓન ટેબલ આ મામલે ચર્ચા વિચારણા કરી સમસ્યાનુ નિરાકરણ લાવવા માટે પ્રયાસ કરાશે. પ્રજાને આ આંદોલનથી પડતી તકલીફોને ધ્યાને લઈ આ આંદોલન પાછુ ખેંચવા માટે પણ મુખ્યમંત્રીએ અપીલ કરી છે.

# જિલ્લાના ચારેય ડેપોમાં એસ ટી બસોના પૈડા થંભી જતા નિગમને ૪૦ લાખનુ નુકશાન

**બે દિવસમાં ગાંધીનગર ડેપાએ પણ ૧૧ લાખની આવક ગુમાવી : સ્થાનિકો પણ બસ સેવાના અભાવ વચ્ચે ગોથે ચઢયા**

ગાંધીનગર તા ૨૨

છેલ્લા બે દિવસથી એસ ટી બસના પૈડા થંભી જતા મુસાફરોએ ખાનગી વાહનોની મુસાફરી કરવાની નોબત આવી છે. સતત બીજા દિવસે પણ એસ ટીના કર્મચારીઓએ હડતાલ યથાવત રાખી હતી. એસ ટીના કર્મચારીઓની હડતાલથી અપડાઉનકર્તાઓ પરેશાન છે.જયારે એસ ટી નિગમને પણ બે દિવસમાં તોતિંગ આર્થિક ફટકો પડયો છે. ગાંધીનગર સહીત જિલ્લાના ચારેય ડેપોને એસ ટી ની હડતાલના લીધે અંદાજિત રૂ ૪૦ લાખનુ નુકશાન થયુ છે.

પડતર પ્રશ્નોનો ઉકેલ નહીં આવતા કર્મચારીઓ હડતાલની રાહે લડત આપી રહ્યા છે. પગારપંચ સહીતના કર્મચારીઓને જરૂરી લાભો આપવા માટે એસ ટી નિગમના કર્મચારીઓ દ્વારા લાંબા સયમથી સરકારને રજુઆત

● અનુસંધાન પાન-૭ પર



### કર્મચારીઓએ ઉગ્ર સુત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શિત કર્યો

ગાંધીનગર ડેપો સંકુલમાં આજે એસ ટી ના ડ્રાઈવર કંડકટર સહીતના કર્મચારીઓએ પડતર પ્રશ્નોના ઉકેલ માટે ઉગ્ર સુત્રોચ્ચાર કર્યા હતા. પગારપંચના લાભ સહીત અન્ય પડતર પ્રશ્નોનો લાંબા સમયથી ઉકેલ નહીં આવતા કર્મચારીઓએ સરકાર સામે રોષની લાગણી વ્યકત કરી હતી. રાજયમાં ઠેર ઠેર ડેપો કક્ષાએ કર્મચારીઓએ સરકારની આ નિતી સામે ઉગ્ર સુત્રોચ્ચાર કરીને વિરોધ પ્રદર્શિત કર્યો હતો. જયારે કલોલમાં પણ પુતળાદહન કરી વિરોધ પ્રદર્શિત કરાયો હતો.

## બેસણું



અમારા પૂજ્ય માતૃશ્રી **શાંતાબેન ભલાભાઈ પટેલ (ફુહાવાળા, ઉંમર-૯૪)** નું તા.૨૦-૦૨-૨૦૧૯ને બુધવારના રોજ વિષ્ણુ સ્મરણ કરતા મોક્ષ પામેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૨૪-૦૨-૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ વાડી, પોલીસ ચોકીની સામે, સેક્ટર-૭, ગાંધીનગર**

| | |
|---|---|
| રમેશભાઈ ભલાભાઈ પટેલ (રિટા.ડી.એસ.પી., હાલ-ગાંધીનગર) | વિભાબેન એ. નાણાંવટી |
| ભાવના રમેશભાઈ પટેલ | કૈલાસબેન એન. પટેલ |
| સ્વ.શૈલા રમેશભાઈ પટેલ | આકાશ રમેશભાઈ પટેલ |
| | ઉમંગ રમેશભાઈ પટેલ |

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે
શંકરભાઈ ભલાભાઈ પટેલ - કનુભાઈ ભલાભાઈ પટેલ (ફુબડથલવાળા)

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com